# ૮મી સુધી ગરમીનો કહેર યથાવત્ રહેવાની સંભાવના

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગર જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે પણ ગરમીનો કહેર યથાવત્ રહેશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના દ્વારા પ્રસિદ્ધ થતા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૪૫ માં આ વાત કહેવાઈ છે.

બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૮મી સપ્ટેમ્બર સુધીના પાંચ દિવસ આકાશ વાદળછાયુ રહેશે અને હળવાથી મધ્યમ વરસાદ પડ્યાની શક્યતા છે. ૮મીએ જિલ્લામાં સારો વરસાદ થશે જ્યારે ૫ થી ૭ સપ્ટેમ્બર દરમ્યાન હળવા વરસાદી ઝાપટા નોંધાશે. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે

● અનુસંધાન પાન-૭ પર


## ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર: L40200GJ1998SGC035188
રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦
ફેક્સ: +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, વેબસાઇટ: www.gspcgroup.com ઇમેઇલ: investors.gspl@gspc.in

**વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) મારફતે યોજાનાર ૨૩મી (ત્રેવીસમી) વાર્ષિક સાધારણ સભા અને ઇ-વોટિંગની માહિતીની નોટિસ**

**૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૩મી વાર્ષિક સાધારણ સભા :**
આથી નોટિસ આપવામાં આવે છે કે **ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ** ("કંપની")ના શેરધારકોની ૨૩મી (ત્રેવીસમી) વાર્ષિક સાધારણ સભા ("એજીએમ") તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરનાં ૩:૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ ને કોર્પોરેટ બાબતોનાં મંત્રલાય દ્વારા જારી કરાયેલ ("એમસીએ પરિપત્રો") સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૧ તા.૧૩મી જાન્યુઆરી,૨૦૨૧ અને સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ સેબીનાં પરિપત્ર તા. ૧૨મી મે,૨૦૨૦ અને સેબીનાં પરિપત્ર તા.૧૫મી જાન્યુઆરી,૨૦૨૧ (સેબી પરિપત્રો)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ ખાસ અને સાધારણ કામકાજની કાર્યવાહી કરવા માટે વીડીયો કોન્ફરન્સીંગ ("વીસી") / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો ("ઓએવીએમ") મારફત યોજવામાં આવશે.
એમસીએ પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર જે શેરધારકોનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ / ડીપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ પાસે નોંધાયેલા છે, તેઓને ૨૩મી વાર્ષિક સાધારણ સભાની સામાન્ય અને ખાસ કામકાજની નોટિસ, ખુલાસાત્મક નિવેદનો અને નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ ૩૧મી માર્ચ, ૨૦૨૧ નાં રોજ પુરા થતાં નાણાંકિય વર્ષ અંતેના ઓડીટેડ નાણાંકિય પત્રકો (એકલ અને એકીકૃત) (ઓડીટેડ ફાયનાન્શીયલ સ્ટેટમેન્ટ્સ-સ્ટેન્ડએલોને એન્ડ કોન્સોલીડેટેડ) અને તેના પરનો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ ઓડિટર્સનો અહેવાલ, માત્ર ઈલેક્ટ્રોનિક મોડ મારફત તા.૪થી સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ મોકલેલ છે. એમસીએ પરિપત્રો અને સેબીના ઉપર દર્શાવેલ પરિપત્રો અનુસાર વાર્ષિક સાધારણ સભાની નોટિસની ફીઝીકલ નકલ મોકલવાની જરૂર નથી.
૨૩મી એજીએમ ની નોટિસ અને વાર્ષિક આહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને કંપનીના શેર્સ લીસ્ટેડ થયેલ છે તે સ્ટોક એક્ષચેન્જીસ જેવી કે બીએસઇ લિમીટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા લિમેટેડ ની વેબસાઈટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત એજીએમ ની નોટિસ સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વીસીસ (ઈન્ડીયા) લિમીટેડ ની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ થશે.
એજીએમની નોટિસમાં સંદર્ભિત તમામ દસ્તાવેજો અને ખુલાસાત્મક નિવેદનો, અગાઉથી વિનંતીના આધારે, ઈલેક્ટ્રોનિક મોડથી તપાસવા માટે ઉપલબ્ધ છે. જ સભ્યો આ દસ્તાવેજો તપાસવા માંગતા હોય તેઓ investors.gspl@gspc.in ઉપર ઈ-મેઈલ મોકલી શકેછે.

**૨. રિમોટ ઇ-વોટિંગ અને એજીએમ દરમ્યાન ઇ-વોટિંગ માટે સુચના :**
કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સમયાનુસાર સુધારેલ, કંપનીઓના (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રુલ ૨૦૧૪નો નિયમ ૨૦ સાથે વાંચતા અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ઘટસ્ફોટ જરૂરિયાતો) નિયમન ૨૦૧૫ ના નિયમન ૪૪નું પાલન કરીને કંપની તેનાં સભ્યોને એજીએમમાં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પસાર કરવા માટે તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટીંગ)ની સવલત આપેલ છે. સભ્યો મીટીંગ સિવાયના સ્થળેથી (રીમોટ ઈ-વોટિંગ) ઈલેક્ટ્રોનિક વોટીંગ પધ્ધતિથી પણ તેમનો મત (વોટ) આપી શકશે. ઈ-વોટીંગની સવલત પુરી પાડવા માટે કંપનીએ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમિટેડ અથવા "સીડીએસએલ"સેવા રોકેલ છે.
આ ઉપરાંત એજીએમ વખતે પણ ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા (ઈ-વોટીંગ) કરવાની સવલત પ્રાપ્ત થશે. મીટીંગમાં ભાગ લેતાં સભ્યો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપેલ નથી તેઓ તેમનો મત એજીએમ વખતે આપી શકશે.
સભ્યો કે જેઓ તેમનાં શેર્સ ડીમટેરીયલાઈઝડ મોડમાં, ફીઝીકલ મોડમાં ધરાવે છે અને જે સભ્યોએ તેમનાં ઈ-મેઈલ અડ્રેસ નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓ રીમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગ કરવાની રીત એજીએમની નોટિસમાં પુરી પાડેલ છે. સભ્યોએ મીટીંગ સુયોજીત થયા મુજબના ઠરાવો પર ઈલેક્ટ્રોનીક પધ્ધતિથી મતદાન કરવા માટેની વિગતવાર પ્રક્રિયા અને ઈ-વોટીંગ માટેના સુચના ૨૩મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ ના "નોંધ" વિભાગમાં આપેલ છે.

**કંપનીઓનો કાયદો,૨૦૧૩ અને તેના નિયમો અનુસારની જોગવાઇઓની વિગતો નીચે આપેલ છે. :**
- ઈ-વોટીંગનો પ્રારંભની તારીખ અને સમય : શુક્રવાર, ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૧ સવારનાં ૦૯:૦૦ (IST)થી
- ઈ-વોટીંગનો અંતની તારીખ અને સમય : સોમવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ સાંજના ૦૫.૦૦ (IST)
- ઉપર દર્શાવેલ તારીખ અને સમય ઉપરાંત રીમોટ ઈ-વોટીંગ કરવા દેવાશે નહીં
- ઈ-વોટીંગની લાયકાત માટેની કટ-ઓફ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ છે.
- જે વ્યક્તિનું નામ કટ ઓફ તારીખ એટલે કે ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સભ્યોના પત્રક (રજીસ્ટર)માં અથવા લાભકર્તા માલિકના પત્રક (રજીસ્ટર)માં છે તેવા સભ્યોને જે રીમોટ ઈ-વોટીંગ અથવા એજીએમમાં ઈ-વોટીંગની સવલત પ્રાપ્ત કરાવાશે.
- મીટીંગની નોટીસ રવાના કર્યા બાદ કોઈ (એટલે કે ફીઝીકલ શેરધારકો અને ડીમેટ મોડમાં શેર ધરાવતા બિન-વ્યક્તિગત શેરધારકો) વ્યક્તિ સભ્ય બને અને કટ-ઓફ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ શેર ધરાવતા હોય તેમણે યુઝર આઈડી/પાસવર્ડ/જરૂરી માર્ગદર્શન સહિત નોટીસ ભાગરૂપે ની ઈ-વોટીંગની સુચના અનુસરીને સીડીએસએલ પોર્ટલ www.evotingindia.com ઉપરથી મેળવી શકે છે તદ્ઉપરાંત helpdesk.eevoting@cdsindia.com ઈ-મેઈલથી વિનંતી કરીને વધુ માર્ગદર્શન મેળવી શકે છે. જો બિન-વ્યક્તિગત શેરધારકો અગાઉથી નોંધાયેલ હોય તો રીમોટ ઈ-વોટીંગથી મત આપવા માટે તેમનાં/તેણીનાં પોતાની હાલના યુઝર આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. ડીમેટ મોડમાં શેર ધરાવનાર વ્યક્તિગત શેરધારકો કે જેઓ મીટીંગની નોટિસ રવાના કર્યા બાદ શેર મેળવે અને કંપનીના સભ્ય બને અને કટ-ઓફ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ શેર ધરાવતા હોય તેઓએ એજીએમની નોટિસમાં દર્શાવેલ પગલાઓ (સ્ટેપ્સ) અનુસરી શકે છે.
- જો સભ્યોએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપી દીધો હોય તેઓ મીટીંગમાં હાજર રહી શકશે પરંતુ બીજીવાર મત આપી શકશે નહિ.
- મીટીંગ વખતે એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની સવલત અપાશે અને જે મીટીંગમો હાજર જે સભ્યોએ નોટીસમાં સુચિત કરેલા બધા કે કાઈપણ ઠરાવ પર રીમોટ ઈ-વોટીંગથી મત આપેલ ન હોય તેઓ તેમનો મત મીટીંગ વખતે આપી શકશે.
- ૨૩મી એજીએમની નોટીસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ના "ઈન્વેસ્ટર" વિભાગ પર અને સીડીલએલ પોર્ટલના ઈ-વોટીંગ વિભાગ www.evotingindia.com પર પણ મળી શકશે.
- એજીએમ માં હાજરી આપવા બાબતે અને સીડીએસએલ ની વોટિંગની સિસ્ટમ બાબતમા કોઈ પ્રશ્ન / ફરિયાદ હોયતો સભ્યોએ શ્રી રાકેશ દળવી, મેનેજર (સીડીએસએલ), સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડીયા) લિમીટેડ, એ વિંગ, ૨૫ મો માળ, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, મફતલાલ મિલ કંપાઉન્ડ, એન એમ જોષી માર્ગ, લોઅર પરેલ (ઈસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૧૩ નો સંપર્ક નક્કી કરેલ ઈ-મેઈલ આઈડી : helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ કરવો અથવા ૦૨૨- ૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ પર ફોનથી સંપર્ક કરવો.
- ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટે લોગીન ને લગતા કોઈપણ ટેકનીકલ મુદ્દા બાબતે **સીડીએસએલ** અને **એનએસડીએલ** દ્વારા હેલ્પ ડેસ્ક :

| લોગીનનો પ્રકાર | હેલ્પ ડેસ્ક વિગત |
|---|---|
| **સીડીએસએલ** પાસે ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો | લોગીન ને લગતો ટેક્નીકલ મુદ્દા બાબતે સભ્યો **સીડીએસએલ** હેલ્પ ડેસ્ક helpdesk.evoting@cdslindia.com ઉપર વિનંતી કરીને સંપર્ક કરી શકશે અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ પર ફોનથી સંપર્ક કરવો. |
| **એનએસડીએલ** પાસે ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો | લોગીન ને લગતો ટેક્નીકલ મુદ્દા બાબતે સભ્યો **એનએસડીએલ** હેલ્પ ડેસ્ક evoting@nsdl.co.in ઉપર વિનંતી કરીને સંપર્ક કરી શકશે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૧૦૨૦૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર ફોનથી સંપર્ક કરવો. |

**3. ઈ-મેઈલ આઈડી અને બેન્ક મેન્ડેટ રજીસ્ટર / અપડેટ કરાવવા**
આર એન્ડ ટીએ / ડીપોઝટિ પાર્ટિસીપન્ટ પાસે ઈ-મેઈલ આઈડી રજીસ્ટર / અપડેટ કરાવવાની રીત :
- જે સભ્યો એ તેમનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ / ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે નોંધાવેલ નથી તેઓએ તેમનાં નીચે જણાવેલ દસ્તાવેજો einward.ris@kfintech.com ને ઈ-મેઈલથી મોકલીને અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ જેવા કે KFin Technologies Private Limited ('KFintech') ને લખવું.

➡ **ફીઝીકલ મોડમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સ :**
એ) તમારુ નામ, ફોલીઓ નંબર અને પુરું સરનામું દર્શાવતી તમારી સહી કરેલ એક વિનંતી પત્ર,
બી) પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી અને
સી) કોઈ પણ એક દસ્તાવેજ (જેવા કે ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.

➡ **ડીમેટ મોડમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સ**
એ) નામ અને ડીમેટ ખાતાની વિગતો (સીડીએસએલ - ૧૬ અંકોની બેનીફીસીયરી આઈડી અથવા એનએસડીએલ -૧૬ અંકોનો ડીપી આઈડી + કલાયન્ટ આઈડી)
બી) કલાયન્ટ માસ્ટર અથવા કોન્સોલીડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ
સી) પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી અને
ડી) સભ્યનાં કંપની સાથે નોંધાયેલ સરનામાનાં ટેકા માટે કોઈ પણ એક દસ્તાવેજ (જેવા કે ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.

**ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસિપન્ટ સાથે તેમના ઈ-મેઈલ એડ્રેસ અપડેટ કરાવી લેવા વિનંતી.**
**બેંક મેન્ડેન્ટસ રજીસ્ટર / અપડેટ કરાવવાની રીત :**
જે સભ્યો ફીઝીકલ ફોર્મ શેર ધરાવે છે અને ઈલેક્ટ્રોનિક કલીયરીંગ સર્વિસ કે અન્ય કોઈ માધ્યમો ("ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ") મારફત ડીવીડન્ડ તેમનાં બેક ખાતામાં સીધુ જ મેળવવા માટે તેમનો મેન્ડેટ અપડેટ કરાયેલ નથી તેઓ ઈ-મેઈલ દ્વારા einward.ris@kfintech.com.Lku નીચે જણાવેલ વિગતો /દસ્તાવેજો મોકલીને અથવા કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર જેવા કે KFin Technologies Private Limited ('Kfintech') લેખીતમાં મોકલીને તેમનાં બેક ખાતામાં ઈલેક્ટ્રોનિકલી સીધુ ડીવીડન્ડ મેળવવા માટે ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટની નોધણી કરાવી શકે છે.
એ) જે ખાતામાં ડીવીડન્ડ મેળવવાનું હોય તે બેંક નું નામ, શાખાનું નામ અને બેંક ખાતાનો પ્રકાર
બી) કોર બેન્કીંગ સોલ્યુશન્સનાં અમલીકરણ બાદ તમારી બેંક દ્વારા ફાળવવામાં આવેલ બેંક એકાઉન્ટ નંબર
સી) ૧૧ આંકડાનો IFSC code અને
ડી) કેન્સલ કરાયેલ ચેકની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી જેના પર સભ્યનું નામ હોય. સંયુક્ત નામનાં શેરનાં કિસ્સામાં પ્રથમ હોલ્ડરનું નામ હોય તેવા ચેકની સ્ટેન્ડ કોપી.
- ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ટેડ અપડેટ કરાવી લેવા વિનંતી.

**૪. ડીપોઝીટરી પાર્ટિસીપન્ટ પાસે મોબાઇલ નંબર રજીસ્ટર કરાવવાની રીત :**
- **બિન-વ્યક્તિગત શેરધારકો માટે :** આપનો મોબાઈલ નંબર જે તે ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે રજીસ્ટર કરાવવા વિનંતી.
- **ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટે :** લોગીન ઓળખપત્રો (ક્રીડેન્શીયલ્સ) મેળવવા માટે ફરજિયાત હોવાથી આપનો મોબાઈલ નંબર જે તે ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે જ રજીસ્ટર કરાવવા વિનંતી.

**૫. ડીવીડન્ડની રેકોર્ડ તારીખ અને એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :**
આથી સુચિત કરવામાં આવે છે કે સીબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાતો) નિયમન ૨૦૧૫ના નિયમન ૪૨ને અનુસરીને કંપનીએ ૩૧મી માર્ચ ૨૦૨૧ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે શેરદીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડની ઉમેદવાર નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે ગુરુવાર ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૧ નક્કી રાખેલ છે.
આગામી એજીએમમાં જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો, કંપનીનાં જે સભ્યોનાં નામ (અ) ગુરુવાર ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કામકાજ પુરા થયા બાદ ડીપોઝીટરીએ કંપનીને આપેલ લાભકર્તા માલિકની યાદીમાં છે તેવા ઈલેક્ટ્રોનિક ફોર્મમાં શેર ધરાવતા સભ્યો અને (બ) ગુરુવાર ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કંપનીના સભ્યોના પત્રક (રજીસ્ટર)માં છે તેએને ગુરુવાર ૯મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કામકાજ પુરા થયા બાદ સુધી ફીજીકલ ફોર્મમાં મળેલ શેર ટ્રાન્સફરની અસર અપાઈ ગયા બાદ તા. ૨૭મી ઓકટોબર, ૨૦૨૧ના રોજ કે તે અગાઉ ડીવીડન્ડ ચુકવાશે.
- **એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :**
૨૩મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિત અપડેટ કરેલ છે તેઓને ઈલેક્ટ્રોનીક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડીમાડ ડ્રાફ્ટ પોસ્ટલ સેવાઓ ઉપલબ્ધતાને આધીન રહીને મોકલાશે.
ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
તારીખ : ૪થી સપ્ટેમ્બર,૨૦૨૧ — રાજેશ્વરી શર્મા
સ્થળ : ગાંધીનગર — કંપની સેક્રેટરી


# શહેરની ૩૭ શાળાઓમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા : વાલીઓ ચિંતામાં

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગર શહેરની મેલેરિયા ટીમ દ્વારા આજે ૧૧૦ જેટલી શાળાઓની ચકાસણી કરતાં ૩૭ શાળાઓમાંથી મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવ્યા છે.

હજુ બે દિવસ પહેલાં જ શાળાઓ શરૂ થઈ છે અને વરસાદી પાણી ધાબામાં ભરાઈ રહેતાં મચ્છરોના ભારે બ્રિડીંગ તંત્રની આજની તપાસ દરમ્યામ મળી આવ્યા છે. તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તમામ પોરાઓનો નાશ કરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક સંકુલમાંથી મચ્છરોના પોરા મળી આવતા વાલીઓ પણ ચિંતીત બન્યા છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસો સતત વધી રહ્યા છે તેથી આ ચિંતા થાય તે પણ સ્વાભાવિક છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં મેલેરિયાના કેસોની સંખ્યા ૧૦૦ને પાર કરી ૧૧૨ જેટલા કેસ નોંધાયા છે તો ડેન્ગ્યુના કેસોની સંખ્યા પણ ૧૨૪ જેટલી છે. ચિકનગુનિયાના પણ ૧૬ જેટલા કેસ નોંધાયા છે.

તંત્રની ટીમો દ્વારા વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોના ૧૧,૭૦૩ મકાનોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

તંત્રની ટીમો દ્વારા કરાયેલ સર્વેલન્સ દરમ્યાન પોરાનાશક કામગીરી અને એન્ટી લાર્વેલની કામગીરીને સઘન બનાવવામાં આવી છે.

ટીમો દ્વારા જી.આઈ.ડી.સી.ના એકમોમાં પણ તપાસ કરવામાં આવી હતી અને ૧૪ જેટલા એકમોમાંથી મચ્છરોના પોરા મળી આવતાં એકમ સંચાલકોને નોટીસ થમાવવામાં આવી છે.

કન્સ્ટ્રક્શન સાઈટોની તપાસ દરમ્યાન ૮ સાઈટ સંચાલકોને પણ નોટીસ થમાવવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મજૂરોનું સ્ક્રીનીંગ તેમજ સર્વેલન્સ દરમ્યાન મળી આવેલા તાવના દર્દીઓ મળી ૧૦ હજારથી વધુ લોકોના લોહીના નમૂના લઈ અને તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. ઓગષ્ટ માસ દરમ્યાન સંવેદનશીલ વિસ્તારોમાં ૩ લાખથી વધુ ઘરોની મુલાકાત લઈ ચાર લાખથી વધુ પાત્રોની ચકાસણી કરતાં ૮૯૫૭ માં પોરા મળી આવ્યા હતા. સંવેદનશીલ વિસ્તારોમાં એબેટ ડે ની પણ ઉજવણી કરવામાં આવી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.



આબેહૂબ આકાર - ગાંધીનગરની સમીસાંજે આકાશમાં વાદળોની અવરજવરથી સર્જાયેલ આબેહૂબ આકાર કેમેરામાં કેદ કરાયો... ચિત્રકાર ચિત્ર દોરવામાં જેટલી નિષ્ઠાથી પરિકલ્પનાને આકાર આપે છે... એવું જ કંઈક પ્રતિબિંબ આકાશમાં પરમતત્વ પાડી રહ્યા છે... નીતનવા રંગ, આકાર, અને મનભાવન માહોલ નિર્માણ કરતા પરમતત્વને સર્જનહાર કહીને આપણે સંબોધીએ છીએ... એની અનુભૂતિ આકાશદર્શનથી થાય છે...

## વેક્સિનેશન અભિયાનમાં ૮૯૯૩ને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગર જિલ્લામાં આજે ૮૯૯૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૨૧૫ લોકોને તથા શહેરમાં ૪૬૭૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં હવે બીજા ડોઝના વેક્સિનેશન અભિયાનમાં ગતિ આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન અભિયાન સઘન બનાવવામાં આવ્યુ છે. જિલ્લામાં પ્રથમ ડોઝનું ૧૦૦ ટકા વેક્સિનેશન ૧૮૦ થી વધુ ગામોમાં પૂર્ણ થયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે બીજા ડોઝનું વેક્સિનેશન અભિયાન ધીમે ધીમે ગતિ પકડી રહ્યુ છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા બાદ વેક્સિનેશન અભિયાન પર ધ્યાન તંત્ર વધુ કેન્દ્રીત કર્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૩,૦૨,૦૪૧ લોકોને પ્રથમ ડોઝ વેક્સિનેશનનો આપી દેવામાં આવ્યો છે. જ્યારે ૨,૧૫,૦૪૦ ને વેક્સિનેશનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫ કેસ

ગાંધીનગર, તા.૪
રાજ્યમાં ૧૦ કેસ સુધી ગયા બાદ ફરી એકવાર કેસોમાં ઉછાળો આવ્યો છે જે ચિંતાજનક છે. આજે રાજ્યમાં કુલ ૧૫ કેસ આવ્યા તો બીજી તરફ ૧૬ દર્દી સાજા પણ થયા. અત્યાર સુધીમાં ૮,૧૫,૨૪૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી. રાજ્યમાં કોરોનાનો રિકવરી રેટ પણ સતત સુધરી રહ્યો છે. રિકવરી રેટ ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૩,૫૪,૫૨૯ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૪૮ કેસ એક્ટીવ છે. જે પૈકી ૦૬ લોકો વેન્ટીલેટર પર છે. ૧૪૨ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૫,૨૪૬ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યા છે. અત્યાર સુધીમાં ૧૦૦૮૨ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે.

# પુનિતવનમાં નવી વન કુટીર અને યોગ કરવા માટે ઓટલો બનશે

**તળાવનુ પણ રીનોવેશન કરાશે , ફરતે રેલીંગ મુકાશે**
**પુનિતવનનો મુખ્યપ્રવેશદ્વારને પણ નવો લુક અપાશે**

ગાંધીનગર તા ૪
શહેરમાં આકર્ષણનુ કેન્દ્ર બનેલા પુનિત વનના રીનોવેશન માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. પુનિત વનમાં સ્થિત તળાવની ફરતે નવી રેલીંગ મુકાશે જયારે નજીકમાં નવી વનકુટીર બનાવાશે. આ ઉપરાંત વોકીંગ કરનારા માટે યોગ ઓટલો બનશે પુનિત વનના મુખ્ય પ્રવેશદ્વારને પણ નવો લુક અપાશે. આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાશે.

શહેરના સેકટરોમાં સ્થિત અનેક વિધ ઉદ્યાનો સેકટરવાસીઓ માટે આગવુ આકર્ષણ ધરાવે છે. જયારે પુનિત વન શહેરીજનો માટે અદમય આકર્ષણનુ કેન્દ્ર છે. પુનિત વન અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી વહેલી સવારે નૈસર્ગિક વાતાવરણમાં વોકીંગ તેમજ યોગ ક્રીયા કરવા માટે મુલાકાતીઓની સંખ્યા વનમાં વિશેષ જોવા મળે છે. અનેકવિધ ઔષધિઓ વચ્ચે વિવિધ પ્રકારના રોપાઓથી નિખરતા અને પક્ષીઓના કલરવથી ગુંજતા પુનિત વનમાં ચોખ્ખો ઓક્સિજન લેવા અને આરોગ્ય સુખાકારી વધારવા માટે પુનિત વન નગરજનોની પ્રથમ પસંદગી બન્યુ છે. શહેરના સ્વર્ણિમ પાર્કમાં પણ સવારે નાગરિકો વોકીંગ અને કસરત કરતા જોવા મળે છે. પનિત વન શહેર ઉપરાંત બહારગામથી આવતા મુલાકાતીઓ માટે પણ એક નવુ નઝરાણુ બન્યુ છે. પુનિત વનમાં કળા કરતા મોર અને પક્ષીઓના ટહુકાર વચ્ચે મનને અનોખી શાંતિ મળે તેવા કુદરતી વાતાવરણમાં સવારનો સમય વિતાવાનુ નાગરિકો વિશેષ પસંદ કરી રહ્યા છે. જયારે પુનિત વનની સુંદરતાને વધુ નિખારવા માટે પણ આયોજન કરાયુ છે. પુનિત વનના મુખ્ય ગેટનુ નવિનીકરણ કરવામાં આવનાર છે. જયારે પુનિત વનમાં સ્થિત તળાવનુ પણ રીનોવેશન કરવામાં આવશે. તળાવની ફરતે રેલીંગ કરી નજીકમાં વન કુટીર પણ બનાવાશે. વનતંત્ર દ્વારા ટુંકમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત પુનિત વનમાં વોકીંગ કરવા આવતા મુલાકાતીઓ યોગ્ય રીતે યોગ કરી શકે તે માટે યોગનો ઓટલો પણ બનાવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાશે. પુનિત વનના મુખ્ય પ્રવેશદ્વારને પણ વધુ આકર્ષક બનાવાશે. પુનિત વનના રીનોવેશનની કામગીરીના અંતે પાર્કની સુંદરતા વધુ નિખરશે.


**જોઈએ છે**
અંગ્રેજી માધ્યમ માટે શિક્ષિકા
• B.Sc. B.Ed.
• B.A. B.Ed. (અંગ્રેજી)
ટ્રાન્સપોર્ટેશન સુવિધા
લિટલ એન્જેલ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ
દહેગામ
Mo. 83200 75931
Mo. 97229 29555


# વર્ગ-૧ની પરીક્ષામાં ઉનાળાની બપોર, સરકાર અને સોશિયલ મીડીયા નિબંધ પુછાયો

**માહીતી ખાતામાં વર્ગ ૧ અને ૨ ના ઉમેદવારોની પરીક્ષાના પ્રશ્નપત્રો સરળ : ત્રણેય પ્રશ્નપત્રો કોર્ષ મુજબ પ્રશ્નો પુછાયા : જર્નાલિઝમના પેપરમાં પણ કોર્ષને અનુલક્ષીને જ પ્રશ્નો પુછાયા**

ગાંધીનગર તા ૪
માહીતી ખાતામાં ભરતી માટે યોજાયેલી આ પરીક્ષામાં ઉમેદવારોની હાજરી પણ નોંધપાત્ર રહી હતી અલબત્ત ગેરહાજર ઉમેદવારોની સંખ્યા ઓછી હતી. વર્ગ ૧ સંવર્ગને અનુલક્ષી લેવાયેલી લેખિત પરીક્ષામાં મુખ્ય ત્રણ વિષયના પ્રશ્નપત્રો પૈકી ગુજરાતી , અંગ્રેજી અને જર્નાલિઝમના પેપર ઉમેદવારો માટે એકંદરે સરળ પુરવાર થયા હતા.

ગુજરાતીમાં ઉનાળાની બપોર, સરકાર અને સોશિયલ મીડીયા તેમજ વૈશ્વિક મહામારી સંદર્ભે આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સ જેવા વિષયો અંગે નિબંધ પુછાયો હતો. સરળ વિષયો અંગે નિબંધ લેખનના પ્રશ્નોના જવાબ આપવાનુ સરળ પુરવાર થયુ હતુ આ ઉપરાંત ભાષણ ઔપચારિક ભાષણ, ઉદબોધન અન્વયે પણ કોરોનાની ત્રીજી લહેર અંગે તૈયારી તેમજ શિક્ષણ, આરોગ્ય, પ્રદુષણ સહીતના વિષયોનો સમાવેશ કરાયો હતો.

વ્યાકરણમાં પણ રૂઢીપ્રયોગો સરળ પુછાયા હતા. જયારે ગુજરાતી અનુવાદનો ફકરો પણ સરળ પુરવાર થયો હતો જો કે ગુજરાતીનુ પ્રશ્નપત્ર સરળ રહ્યુ હતુ પરંતુ વર્ણાન્તક પ્રશ્નો વધુ હોવાના લીધે સમયસર પુરુ કરવાનુ મુશ્કેલ બન્યુ હતુ.

જયારે અંગ્રેજીમાં પણ કોરોના કાળમાં આઈસોલેશન દિવસો અંગેનો અનુભવ, જીઓલોજીક પાર્કની મુલાકાત અને મારી પ્રિય રમત જેવા સરળ વિષયો નિબંધ લેખનમાં આવરી લેવાયા હતા. સરળ પ્રશ્નો પુછાયા હતા. જર્નાલિઝમના પ્રશ્નપત્રમાં પણ સંપુર્ણ કોર્ષ આધારિત પ્રશ્નો જ પુછાતા ઉમેદવારોએ પુરતા ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા પુર્ણ કરી હતી.


www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ** સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com